## આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે "વિશ્વ વ્યાપાર સંગઠન (WTO)ના પરિપ્રેક્ષ્યમાં પશુપાલન વ્યવસાય" અંગે એક-દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે તા.૨૫/૦૯/૨૦૧૭ સોમવારના રોજ પશુપાલન વ્યવસાય અંગે નવા કારવા તા.લુણાવાડાની બહેનો માટે એક દિવસીય તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન ડૉ. કે. પી. પટેલ, આચાર્યશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ દ્વારા કરવામાં આવ્યુ. તેમણે તાલીમનું મહત્વ અને તેના દ્વારા થતા ફાયદાઓની જાણકારી આપી.

જેના પ્રાસંગીક ઉદ્બોધનમાં ડૉ. કે. એસ. જાદવ, પ્રાધ્યાપક અને વડા દ્વારા વિશ્વ વ્યાપાર સંગઠન સેલ અંતર્ગત યોજવામાં આવતા વિવિધ તાલીમ કાર્યક્રમ અંગેની જાણકારી આપી, સાથોસાથ વિભાગની અન્ય વ્યવસાયલક્ષી પ્રવૃત્તિઓનું વર્ણન કર્યુ.

તાલીમમાં વેટરનરી કોલેજના વિવિધ વિભાગોના તજજ્ઞો દ્વારા પશુધનની ઉત્તમ જાતો, પશુપાલનના વિકાસ માટે સરકારની સહાય યોજનાઓ, પશુધન માટે પોષણયુક્ત આહારની વ્યવસ્થા, પશુઓના મહત્વના રોગોના લક્ષણો તથા તેને અટકાવવાના ઉપાયો સાથે ગાય ભેંસમાં વેતરકાળ, કુત્રિમ બીજદાન અને ગર્ભાવસ્થાની તપાસ જેવા આનુસંગીક વિષયો આવરી લેવામાં આવ્યા હતા. થીયરી સાથે પ્રેક્ટીકલ જ્ઞાન મળી રહે તે હેતુથી શીલી (ખોરવાડ) તા.જી. આણંદ મુકામે આવેલ ગાયો-ભેંસોના તબેલાની મુલાકાત લીધી. અંતે તાલીમના સંચાલક પ્રો. રચના બંસલ તથા ડૉ. એ. એસ. શેખ દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.





ડૉ. કે. પી. પટેલ, આચાર્યશ્રી દ્વારા ઉદઘાટન અને પ્રાસંગિક ઉદબોધન




વિવિધ વ્યાખ્યાતાઓનું વક્તવ્ય